# ઊલટા ફેરા

પાછલી રાતે બારીએ ટકોરા પડ્યા. 'બા, બારણું ખોલો...' સાવ દબાયેલો અવાજ આવ્યો.

દીકરીનાં લગ્નની છેલ્લીવેલ્લી તૈયારીઓ આટોપીને ઘર આખુંય થાકીને જંપી ગયું હતું, માત્ર કુહૂના હૈયાનાં અરમાનો જેવી રોશની ઘર પર ઝબૂકતી જાગતી હતી. હજી કલાકેક પહેલાં જ લાંબા નિસાસા સાથે નિદ્રાધીન થયેલાં ચંપાબા ગાઢ ઊંઘમાં હતાં. આગંતુકે જરાક જોરથી ટકોરો દીધો ને સહેજ ઊંચે અવાજે બોલ્યો : બારણું ખોલો ને, બા! સપનામાં સાંભળેલ કોલાહલથી ઝબકીને જાગ્યાં હોય તેમ ચંપાબા સફાળાં બેઠાં થઈ ગયાં.

'કોણ એ?' કહેતાં એમનો અવાજ ધ્રૂજી ઊઠ્યો.

'એ તો હું બા!' અવાજ ઓળખાયો ને આખો દિવસ પ્રતીક્ષામાં જલતો રહી, રાતે રામ થઈ ગયેલો કુટુંબની આશાનો દીવો ફરી પ્રજ્વળી ઊઠ્યો. ચંપાબા હળવેથી બારણું ખોલીને બહાર દોડ્યાં. આવનારને ભેટી પડતાં, એમની આંખોમાંથી આંસુની સરવાણી ફૂટી.

'આવી ગયો મારો લાલ, લોક ભલે ગમે તે કહે, મારું મન કહેતું હતું કે, તું આવશે જ!' આવનારના કાનમાં બોલતાં હોય, તેમ ચંપાબા ગણગણ્યાં.

આગંતુકના હાથમાં એક નાની સૂટકેસ હતી. ઉંબરો ઓળંગતાં પળભરમાં તો એની આંખો સામેથી કડવી-મીઠી સ્મૃતિઓનો આખેઆખો કાફલો પસાર થઈ ગયો.

'નાલાયક, નીકળી જા, અત્યારે ને અત્યારે મારા ઘરમાંથી... જા, ફરી ક્યારેય તારું મોં ન બતાવતો!' હીંચકા પરથી કૂદીને ભીંતે ચડી બેઠેલા બાપુજી જાણે હજીય ફિટકાર વરસાવી રહ્યા હતા.

એણે જોયું કે પંદર વરસ પછી પણ અહીં બાપુજીની હાજરી સિવાય બીજું કાંઈ બદલાયું નહોતું. સોફાના ઘસાઈ ગયેલા રેક્ઝીન જેવા અભાવોને મખમલની જાજમથી છાવરીને બેઠેલો દીવાનખંડ, ઘરની દરેકેદરેક વ્યક્તિ માટે પોતપોતાનો એક અલાયદો ખૂણો ફાળવીને બેઠેલો દીવાનખંડ; મધ્યમવર્ગનું સંયુક્ત કુટુંબ વસતું હોય, તેવા કોઈ પણ ઘરનો હોય, તેવો જ એ દીવાનખંડ. એને એક છેડે બારી પાસે બાની પથારી હતી ને બીજે છેડે સૌથી નાના ભાઈની. એણે કલ્પના કરી કે બે શયનખંડમાંથી એકમાં વચલો ભાઈ, એની પત્ની તથા એનો નાનો બાબો સૂતાં હશે ને બીજામાં વહાલી દીકરી કુહૂ, વચલાની બેબી સપના અને નિયતિ સૂતાં હશે કદાચ... નિયતિનું નામ યાદ આવતાં જ શિયાળાને પરોઢિયે પણ એને કપાળે પરસેવો બાઝ્યો. એનું આખું શરીર ઝેર ઓકતું હોય તેવું લાગ્યું. એને પાછા ચાલ્યા જવાની ઇચ્છા થઈ આવી, પણ હવે એ શક્ય નહોતું. એ અંદર આવી ચૂક્યો હતો ને હળવે-હળવે ઊઠવા લાગેલાં સ્વજનોથી ઘેરાઈ રહ્યો હતો. થોડી વારે સામેના રૂમમાંથી નિયતિ બહાર નીકળી ને નતમસ્તક રસોડા તરફ ચાલી ગઈ. આગંતુકે ત્રાંસી આંખે નોંધ્યું કે નિયતિ હજીય પહેલાં જેટલી જ સ્લીમ હતી ને વિખરાયેલાં વાળ સાથે પણ આકર્ષક દેખાઈ રહી હતી.

નિયતિનું હૃદય જાણે અંદર ડાકલાં વાગતાં હોય, તેવું ધડકી રહ્યું હતું. ફ્રિજ ખોલીને ઠંડા પાણીની બૉટલ પકડતાં એના હાથ ધ્રૂજી રહ્યા હતા. આટલાં વરસે માંડ શાંત થયેલ એનું મન અચાનક ડહોળાઈ ગયું હતું. બૉટલ હાથમાં લઈને, ગ્લાસમાં પાણી રેડ્યા વિના એ શૂન્યમનસ્ક ઊભી રહી. પંદર વરસ પહેલાંની એ ગોઝારી રાત ભૂતાવળની જેમ ડારતી એની આસપાસ ચકરાઈ રહી હતી. એ રાતે બાપુજીનો ગુસ્સો ને દીકરાનો અહમ્ બંને સાતમે આસમાને હતા. બાપ-દીકરા વચ્ચે આવા ઝઘડા ઘણી વાર થતા, પણ એ રાતે વાત છેક જ વણસી ગઈ. બાપુજી જાકારો દઈ બેઠા ને દીકરો અડધી રાતે ઘરનો ઉંબરો ઓળંગીને કાયમ માટે ચાલ્યો ગયો. ન એની પાસે નોકરી, ન કાંઈ આવક. કુહૂ ત્યારે આઠ વર્ષની હતી.

'ચાલ નિયતિ' એણે બરાડતાં કહેલું, ને નાજુક નાનકડી કુહૂના વિચારે એનાથી ઉંબરો નહોતો ઓળંગાયેલો. એણે તો ધારેલું કે કાલે સવારે સમાધાન થઈ જશે ને સૌ સારાં વાનાં થશે, પણ એ તો ગયો તે ગયો, ક્યારેય પાછો ન ફર્યો. પાછળથી તો એની સાથે ન જવા બદલ એ ઘણુંય પસ્તાઈ હતી, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એકાદ વર્ષ પછી પરદેશથી બા ઉપર છાના ફોન આવવા શરૂ થયા હતા એના. કુહૂ સાથે પણ એણે સંપર્ક જાળવી રાખ્યો, પણ નિયતિ સામે એકેય વાર ન જોયું! ત્રણેક વરસ એમ જ વીત્યાં, ત્યારે એક દિવસ નિયતિને માથે આભ તૂટી પડેલું. સમાચાર આવેલા કે પરદેશમાં એણે ધર્માંતર કરીને કોઈ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધાં છે. બીજાં બે વરસ પછી નિયતિને ખબર પડી કે એને હવે એક દીકરી પણ છે. કુટુંબે આ વાત સમાજથી છુપાવી રાખી ને એણે કુહૂ ખાતર સાસરાના કુટુંબને વળગી રહેવાનું નક્કી કર્યું.

'આર યૂ ઓકે મૉમ? કેમ તને પાણી લાવતાં આટલી બધી વાર લાગી? લાવ હું જ લઈ જાઉં છું.' કુહૂએ નિયતિના હાથમાંથી ટ્રે સરકાવી લીધી. કુહૂના મેંદી રચેલા હાથ પરથી ઊઠતી નિલગિરિના તેલની સુગંધથી નિયતિ જાણે મૂર્છામાંથી જાગી.

'ચિઅર અપ મૉમ, આર યૂ નર્વસ?' કુહૂ પાછી ફરીને એને વહાલ કરતાં પૂછી રહી હતી. કુહૂની નિર્દોષ આંખો અસમંજસથી તરબતર હતી. નિયતિએ એનું કપાળ ચૂમ્યું. ચા-નાસ્તાની ટ્રે મોકલ્યા પછી પણ દીવાનખંડમાં જવાની એની હિંમત ન થઈ, ન તો કોઈએ એને બહાર બોલાવી. અપરાધભાવથી અચકાતી એ બારણાની ઓથે ઊભી રહી ને મિજાગરાની ફાંટમાંથી આગંતુકનો ચહેરો નિહાળતી રહી. આધેડ વયે પણ તે હજી યુવાન લાગી રહ્યો હતો. એને તેની નીલી આંખો ગમતી. ઘણી વાર એ તેનો ચહેરો બે હાથ વચ્ચે પકડીને, તેની આંખોમાં પડતું પોતાનું પ્રતિબિંબ જોતી રહેતી. નિયતિને યાદ આવ્યું કે તેની ડોક પરની મુલાયમ ચામડીનો સ્પર્શ પણ એને ગમતો. એને લાગ્યું કે એને ગમતી હતી તે નીલી આંખો પર કોઈ અજાણ્યા હોઠોની લિપસ્ટિકના લાલલાલ ડાઘ લાગેલા હતા. આગંતુકના ચહેરા પર, ડોક પર, એના આખા શરીર પર કોઈ અદશ્ય શરીરની છાપ ઊઠી આવી હતી જાણે!

‘કાલે રાતે તો અમે આશા જ મૂકી દીધી હતી. વેવાઈને કાલે શું મોઢું બતાવશું? તેની ચિંતામાં મને તો ઊંઘ પણ નહોતી આવતી. લોકને કેટલું સમજાવવું? આવશે જ ને એ તો! રજા મળવાનો વાંધો છે, વિઝાની ગૂંચ છે કાંઈક, કૉન્સ્યુલેટના કાયદા, એમાં આપણું કાંઈ ન ચાલે... કેટલાં બહાનાં ને કેટલું જૂઠાણું ચલાવવું પડ્યું અમારે! ને તારા તો કાંઈ કરતાં કાંઈ સમાચાર જ નહીં. તારે ફોન તો રિસીવ કરવો જોઈએ ને! જ્યારે હોય ત્યારે અમારે આન્સરિંગ મશીનની ટેપ સાંભળવાની? તારી દીકરીનો સંબંધ તૂટી ન જાય, એની ચિંતા પણ બસ અમારે જ કરવાની? તારી કોઈ જવાબદારી જ નહીં!’ બહારના રૂમમાંથી વચલા ભાઈનો અવાજ આવી રહ્યો હતો.

આગંતુક નતમસ્તકે ચૂપચાપ સાંભળતો રહ્યો. ફરિયાદોનું નક્કર લોખંડ પીગળી રહ્યું હતું ને એના ઉકળાટે ઘરની હવા બોઝિલ બની રહી હતી. વચલાએ અત્યારે આ પ્રકરણ ઉખેળ્યું તે ચંપાબાને ગમ્યું તો નહીં, પણ આજે મોટાના બચાવમાં તેઓ કાંઈ પણ બોલી શકે તેમ નહોતાં. કાલે રાતે તો એમની પણ ધીરજ ખૂટી પડેલી. છેલ્લી ઘડીએ કોઈ વિઘ્ન તો નહીં આવી પડે ને? એવા ધ્રાસકા સાથે મોટાની રાહ જોતી એમની આંખો થાકથી મીંચાવા લાગી, ત્યારે ચંપાબા સાવ નિરાશ થઈ ગયાં હતાં. એમને પોક મૂકીને રડવાનું મન થઈ આવ્યું હતું, પણ સપરમા દિવસની ખુશીઓ ખરડાઈ ન જાય, એ બીકે એમણે પાસું ફરીને આંખો લૂછી કાઢી હતી.

‘હું ડૅડી પાસે સૂવાની છું આજે!’ કુહૂના ટહુકાએ વાતનો દોર બદલાયો. એ ખૂબ ખુશ દેખાતી હતી. પપ્પાને જોઈને એનો ઉત્સાહ મનમાં સમાતો નહોતો.

એની પથારી દીવાનખંડમાં મારી પાસે જ કરી દો. ચંપાબાનું ફરમાન છૂટ્યું. લગ્નના ઘરમાં નિયતિને ને એને એકાંતનો એકાદ ટુકડો પણ આપી શકાય, તેવી શક્યતા નહોતી. ઘરનાને જાણે એવી જરૂર પણ ન લાગી. બધાં તો બસ, ‘કુહૂનો પ્રસંગ સચવાઈ ગયો. હવે કાંઈ વાંધો નહીં આવે’ – તેવા સંતોષમાં મગ્ન હતાં. નિયતિએ હૉલમાં બાના ખાટલા પાસે એની પથારી પાથરી. એના માટે ખાસ સાચવીને રાખેલી સફેદ, ઇસ્ત્રીબંધ ચાદર ગાદલા નીચે ખોસતાં નિયતિએ ખાસ ધ્યાન રાખ્યું કે પથારીમાં ક્યાંય કોઈ સળ ન રહી જાય! હા, નિયતિને બરાબર યાદ હતું : એને સળ નહોતા ગમતા.

અંતે બંનેનો એકલાં સામનો થઈ જ ગયો. રસોડામાંથી એ રૂમ તરફ જતી હતી ને એ બાથરૂમમાંથી નીકળ્યો.

'કેમ છો તમે?' નવોઢાની જેમ શરમાતાં નિયતિ બોલી પડી.

'ઓ, હા...ય! હાઉ આર યૂ?' સુક્કો જવાબ આવ્યો.

'શું ફરમાવો છો, મારાં પટરાણી!' કહીને કાયમ બોલાવતો, તે જીવનસાથી તો ક્યારનો ક્યાંય દૂર નીકળી ગયો હોય તેવું એને લાગ્યું.

'આય ઍમ ફાઇન!' સામે મળી ગયેલ અજનબીને એણે ફૉર્મલ જવાબ આપ્યો, ને હળવેથી પોતાના રૂમમાં સરકી ગઈ.

કુહૂની ખાલી પથારીને સહેલાવતી, એ ક્યાંય સુધી જાગતી રહી. થાકીને લોથપોથ થઈ ગયેલું માણસ ઘોરતું હોય, તેવો નસકોરાંનો અવાજ હૉલમાંથી આવવા લાગ્યો. નસકોરાં બોલાવવાની આદત મા-દીકરાની એક સરખી, પણ આજે બાનાં નસકોરાં સંભળાતાં નહોતાં. એણે કલ્પના કરી કે બા કદાચ જાગતાં હશે ને સૂતેલા દીકરાને એકટક જોયા કરતાં હશે.

સવારે વહેલાં ઊઠી જવાનું હતું. તૈયાર થતાં કુહૂ એના વાળમાં મઘમઘતી વેણી શણગારી ગઈ. જરી ભરેલ લાલ ઘરચોળા જેવી સાડીનો છેડો પિનઅપ કરતાં સેફ્ટી-પિનથી એનું ટેરવું વીંધાયું ને લોહીનો ટશિયો ફૂટ્યો. મોંમાં આંગળી દબાવતી, એ આયનાને પૂછતી રહી : 'શું વાંક હતો મારો?'

ઘરને એક ખૂણે આવનાર અને ચંપાબા ગુસપુસ વાતો કરતાં હતાં, તે એને અછડતું સંભળાયું :

'આજે ને આજે ચાલ્યો જશે? મારી પાસે એક દિવસ પણ નહીં રોકાય?'

'ના બા, કોઈ મારી રાહ જુએ છે. મને આટલું આવવા દીધો, એય ઘણું છે. ને પેલી મારી નાનકડી સ્વિટી છે ને, એ તો મારાથી ક્યારેય છૂટી પડી જ નથી. મારા વગર એ જમશે પણ નહીં... આ તો કુહૂ ખાતર આવવું પડ્યું, બાકી આ ઘરમાં...' બાનું ડૂસકું સાંભળીને એ આઘી ખસી ગઈ.